# નાગરિક સહકારી બેન્કો માટે પ્લાનિંગ અંગે સેમિનાર

**અમદાવાદ :** ગુજરાત અર્બન કો-ઓપરેટિવ બેન્કૂસ ફેડરેશન દ્વારા સ્થપાયેલ સેન્ટર ફોર બેન્કિંગ રિસર્ચ, ડેવલપમેન્ટ એન્ડ એક્સેલેન્સ (સીબીઆરડીઈ) તરફથી તા. ૧-૮-૨૦૧૫ના રોજ ફેડરેશન ખાતે 'પ્લાનિંગ ટેક્નોલોજી એન્ડ ટાઈમ મેનેજમેન્ટ ફોર બેટર કસ્ટમર સર્વિસ' એ વિષય ઉપર એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવેલ હતું. સેમિનારનું ઉદ્‌ઘાટન રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના જનરલ મેનેજર શ્રી એ. કે. સિંહાએ કરેલ હતું. તેમાં નાગરિક સહકારી બેન્કોના ૪૦ પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

સેમિનારમાં સ્વાગત પ્રવચન ફેડરેશનના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી આર. એન. જોષી (આઈએએસ નિવૃત્ત)એ કરેલ હતું.

નાબાર્ડના ડેપ્યુટી જનરલ મેનેજર શ્રી નિલય કપૂર, ફેડરેશનના એસોશિએટ કન્સલ્ટન્ટ શ્રી કે. વી. લકુમ તથા એન.આઈ.સી.એમ., ગાંધીનગરના શ્રી એમ. સી. પારેખે બેન્કોમાં આયોજન કરવા વિશે માર્ગદર્શન આપ્યું હતું.

સેમિનારમાં સહકારી બેન્કો આયોજન મારફત નાણાકીય રીતે સધ્ધર અને વ્યાવસાયિક કેવી રીતે બની શકે તેની વિસ્તૃત ચર્ચા થઈ હતી. ગુજરાતમાં વધુ ને વધુ બેન્કો રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ આપેલ માપદંડ મુજબ ફાયનાન્શિયલી સાઉંડ અને વેલમેનેજ્ડ બને તેવા પ્રયત્નો કરવાનો નિર્ધાર કરવામાં આવેલ હતો.